# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૫ તા. ૦૧-૧૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક / ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની જિલ્લાફેર અરસ-પરસ બદલી અંગે

સંદર્ભ :-૧. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧) તા.૧૧-૦૫-૨૦૨૩.

૨. શિક્ષણ વિભાગ સુધારા ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧) તા.૦૨-૦૬-૨૦૨૩.

૩. શિક્ષણ વિભાગ સુધારા ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧) તા.૦૫-૦૭-૨૦૨૩.

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે શિક્ષણ વિભાગના સંદર્ભ હેઠળના ઠરાવોથી પ્રાથમિક / ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગેની સર્વ સામાન્ય સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જિલ્લાફેર અરસ-પરસ બદલી અંગેની સુચના પ્રકરણ-એન અન્વયે જિલ્લાફેર અરસ-પરસ બદલી ઈચ્છતા શિક્ષકો માટે સંબંધિત નગર શિક્ષણ સમિતિને ૩૧મી માર્ચ સુધી જિલ્લાફેર અરસ-પરસ બદલીની અરજી કરવાની રહે છે. આથી જિલ્લાફેર અરસ-પરસ બદલીકરાવવા ઈચ્છતા શિક્ષકોએ જિલ્લાફેર અરસ-પરસ બદલીની અરજીઓ અંગેનુંફોર્મ મુખ્ય શિક્ષકશ્રી તથા મદદનીશ શાસનાધિકારીશ્રીની ભલામણ સાથેના રિપોર્ટથી ડીસેમ્બર માસમાં એસ્ટાબ્લીશમેન્ટ બ્રાંચ,સ્કાઉટ ભવન, પ્રભુદાસ ઠક્કરકોલેજ પાસે, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ ખાતેથી મેળવવાના રહેશે. જિલ્લાફેર અરસ-પરસ બદલી માટેની સૂચનાઓ નીચે મુજબ છે તેનો અમલ કરવો.

(૧) જિલ્લાફેર અરસ-પરસ બદલીમાટેની અરજી એક જ વખત કરવાની રહેશે જે કાયમ રાખવાની રહેશે.

(૨) જિલ્લાફેર અરસ-પરસ બદલીનો લાભ સમગ્ર નોકરી દરમિયાન માત્ર એક જ વખત મળી શકશે.

(૩) જિલ્લાફેર અરસ-પરસ બદલીથી બદલાઈ જવા માગતા શિક્ષકે અરજીપત્રકની ત્રણ ઝેરોક્ષ નકલ કઢાવ્યા બાદ સ્વહસ્તાક્ષરથી ભરી તેમાં શાળાના મુખ્યશિક્ષકશ્રી તથા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીના સહી સિકકા કરાવી રૂબરૂમાં એસ્ટાબ્લીશમેન્ટ બ્રાંચ, મુખ્ય ઓફિસ ખાતે જમા કરાવવાના રહેશે. ટપાલમાં કે અન્ય રીતે મોકલેલ અરજીની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહીં.

(૪) જિલ્લાફેર અરસ-પરસ બદલી માટે સંબંધિત નગર શિક્ષણ સમિતિને ૩૧મી માર્ચ સુધી જિલ્લાફેર અરસ-પરસ બદલીની અરજી કરવાની રહેતી હોવાથી ૩૧મી માર્ચના રોજ અરજી કરતી વખતે પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ.

(૫) જિલ્લાફેર અરસ-પરસ બદલીમાં સંકળાયેલા બન્ને શિક્ષકોને પરસ્પર એક બીજાની શાળામાં જ મુકવાના રહેશે અન્ય શાળામાં નિમણૂંક આપી શકાશે નહિં.

(૬) નિવૃત્તિને પાંચ વર્ષથી ઓછો સમય બાકી હોય તેમને જિલ્લાફેર અરસ-પરસ બદલીનો લાભ મળી શકશે નહીં.

(૭) જિલ્લાફેર અરસ-પરસ બદલી માંગતા બન્ને શિક્ષકો એક જ માધ્યમ, વિભાગ તથા વિષયના હોવા જોઈએ. જુદા-જુદા વિભાગતથા વિષયના શિક્ષકોની જિલ્લાફેર અરસ-પરસ બદલી થઈ શકશે નહિ એટલે કે પ્રાથમિક શિક્ષકની સામે પ્રાથમિક શિક્ષક અને જે તે વિષયના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની સામે જે તે વિષયના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની જિલ્લાફેર અરસ-પરસ બદલી થઈ શકશે.

(૮) જિલ્લાફેર અરસ-પરસ બદલીની માંગણી કરનાર શિક્ષકોની અરજીની તારીખે પાંચ વર્ષની સેવા બાકી હોવી જોઈએ. આ રીતે બદલી થયા પછી શિક્ષક પાંચ વર્ષ સુધી સ્વૈચ્છિક નિવૃત્તિ માંગશે નહી તેની લેખિત બાંહેધરી અરજી કરતી વખતે આપવાની રહેશે.

(૯) જિલ્લાફેર અરસ-પરસ બદલી માંગતા બન્ને શિક્ષકો એક જ માધ્યમ, વિભાગના અને વિષયના હોવા જોઈએ. જુદા જુદા માધ્યમ, વિભાગોના અને વિષયના શિક્ષકોની અરસ-પરસ બદલી થઈ શકશે નહીં.

તા. ૦૧-૧૨-૨૦૨૩

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી